**EX-R 02/2024**

**–: <u>આંક : ૧ લગત હુકમ :–</u>**

સદરહુ કામનું રોજકામ તેમજ રેકર્ડ ધ્યાને લેતા સદર કામ ઘણા લાંબા સમય થી આંક–૧૫ ની અરજી સાંભળવા માટે ચાલે છે પરંતુ, ડીક્રી હોલ્ડર કે તેઓના વકીલશ્રી છેલ્લી ૩ મુદૃતોથી હાજર રહેતા નથી કે સદર દરખાસ્તની કાર્યવાહી આગળ ચલાવવા કોઈ કામગીરી કરતા નથી. જેથી સદર કામ ઘણા લાંબા સમય થી નોન–ઈફેકટીવ પડી રહેલ છે.

આજ રોજ પ્રથમ સીટીંગમા ડીક્રી હોલ્ડર તથા તેમના વિ.વ.શ્રીનો વારં વાર પોકાર કરવા છતા વાદી કે તેઓના વકીલશ્રી હાજર થયેલ નથી ત્યાર બાદ સેકન્ડ સિટીંગ માં પણ કોર્ટ ઉઠતા સુધી પણ વારંવાર પોકાર કરવા છતા ડીક્રી હોલ્ડર કે તેઓના વકીલશ્રી હાજર થયેલ નથી કે તેમના તરફે કોઈ મુદત અરજી કે રજુઆત નથી જેથી સદર દરખાસ્તના કામે ડીક્રી હોલ્ડર ને આગળ વધવામાં રસ ન હોવાનુ માનવાને કારણ રહે છે. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **MANIBHAI GORDHANBHAI PATEL v. PATEL AMBALAL PRABHUDAS (SINCE DECEASED) THROUGH HIS HEIRS & LRs. BAI ZAVERBEN Wd/o.AMBALAL PRABHUDAS PATEL, & ORS.** ચુકાદો ધ્યાને લેતા તેમા જણાવેલ છે કે,

Civil Procedure Code, 1908 (V of 1908) - Order 2, Rules 1, 8 and 9 -Parties are supposed to be. in the Courts when their cases are called out, and the Courts are not supposed to wait till evening - It is true that this parties must remain present before the Court when the matter is called out. The Court is not bound to wait for any party.The Court would be justified in disposing of the matter due to the absence of the party.

આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા આજ રોજ ડીક્રી હોલ્ડર તથા તેમના

વિ.વ.શ્રીનો બંન્ને સીટીંગમા વાંરવાંર પોકાર કરાવતા ડીક્રી હોલ્ડર કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે તેમના તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત ન હોય આ કામે ડીક્રી હોલ્ડરને આગળ વધવાનો રસ ન હોવાનુ માનવા કારણ રહે છે જેથી ડીક્રી હોલ્ડર ની તથા તેમના વિ.વ.શ્રી ની ગેર હાજરી અને કસુર ના કારણે સદર હાલનો દરખાસ્ત કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૬/૦૮/૨૦૨૫
મુ.કેશોદ

**(વાલજીભાઈ શામજીભાઈ પટેલ)**
મુખ્ય સિનિ. સીવીલ જજ,
કેશોદ
કોડનં.જી.જે.૦૧૪૮૪